જેલના યોગી

મહાત્મા ગાંધીજીનો

—ઉદ્દેશ—

સુતરને તાંતણે સ્વરાજ્ય.

રેં ટી ઓ



રેં ટી આ

લેખક- ગોર મોહનલાલ છોટાલાલ કઠલાલી.
સીમડાચોક-સુરત.

પ્રકાશક: રાયચંદભાઈ હીરાચંદ શાહ,
ગોવિંદભાઈ નારણભાઈ બીલ્ડીંગ સ્ટેશન સામે
સોપ ફેક્ટરી-સુરત.

બરાનપુરી ભાગળ [illegible] આ [illegible]
પ્રીંટીંગ પ્રેસમાં હરગોવનદાસ [illegible]

કીંમત રૂ. ૦-૧-૦

જેલના યોગી મહાત્મા ગાંધીજીનો

—ઉદ્દેશ—

સુતરને તાંતણે સ્વરાજ્ય.



મહાત્મા ગાંધીજીને ચરણે.

ફુરંજતા દેને તજી કંકણ કાયર કામ
શૂરાતન હૈને સજી અમર થશે તુજ નામ
અમરતો તે થયા કે
જેણે પરને માટેજ જન્મ લીધો

મધુવન.

પુત્ર ના દુઃખે કોની માતા દુઃખી નથી,
માતાનો ઉદ્ધાર ન કરે તે પુત્ર કે કપુત
ર હાય નિંદ્રમાં સુતો શું ભારતના તન બળી દીલમાં ભરે
માત આંસુ લોચન.
તારૂં લુંટાયે ગવરવ કીર્તિકાર ધન બળી દીલમાં—ટેક
જેના પુત્રો સુત્રો વેદ વાક્યનાં ભણે જેનાં યશસ્વી
ગાન કીન્નરીઓ કરે.

તેના ભૂખે માગે ભીખ દાસ થઈ તન...બળી
જેની વિદ્યા વિખ્યાત સકળ વિશ્વમાં બધે
એક બાણે ભેદે નભ પાતાળ પૃથ્વીને
તેના બાયલા તનુજ કરે રોગે રૂદન........બળી
જેના દેશે દેવો દીવ્ય રાસ રમેરે,
જેની ધર્મ ભક્તિએ દેવ દાસ બનેરે
તેના ભક્તિ હીણુ તન કર્યું સ્વાર્થે રોહન.બળી
દાનો કર્ણ જ્યાં કરે દાન બાંધી ધ્વજાને
પરમાટે શીર સાટે કરે દેહ દમનને
તેના દેશે ડોલે શ્રીમંત રડે શું રંક તન...બળી

દોહરો.

દશા દેખી નીજ દેશની તજ્યું રૂધીર અપાર
શંખનાદ શૂરવીર કરી કરે યુદ્ધ અસહકાર

હર સ્વદેશ.

રે સિંહ તણા સંતાન ગરજતા ગયા દોડીશું હીંદ
ડોલાતતા ડગમગ ડુંગર તે જુવે લુંટાતું હીંદ
ક્યાં દુર્ગાદાસ શૂરવીર ગયો
ક્યાં ગયા શીવાજી શૂરરે
જેણે અરીનાં અરે દાંતજાં ભેદ્યાં છે છીન્ન ભીન્ન

ક્યાં રમણુ યુદ્ધના યોદ્ધા
કયાં રામ રાજ્ય અયોધ્યા
તે રામરાજ્ય રસમય સૂત્રોનું ભરો હૃદયમાં બીજ
કયાં હાય ગુલામી આવી
કયાં દેશ દશા દૂર ભાવી
તે જોઈ હૃદયમાં જરી દયાના આવે શુ દૂરદિન
પાષાણુ હૃદય પીગળતાં
જોઈ કત્લ પંજાબે કરતાં
જલીયનવાલામાં જાન શીકારી હણે જુલ્મ આધીન
ક્યાં ખીલાફતની ખાતર
થયા બંધન મૌલા બીરાદર
રે સહી ગુલામી જીવે જગતમાં જાણે નમાલાદીન
રે કૃષ્ણ ગાંધીજી ગરવા
જે જુલ્મ અનીતિ હણવા
દે દીએ સુદર્શન ચક્ર રેંટીઓ બને પાપીઓ ક્ષીણુ
દઈ તજી ગપાટા વાતો
સહુ ખાંતે રેંટીઓ કાંતો
બનો સાચા સ્વદેશી સુતર તાંતણે સ્વરાજ્ય છે આધીન
શું તોપ ગોળા ત્યાં કરશે
જ્યાં હરી સુદર્શન ધરશે

છે સાચ હરીની સાચ કામમાં બનો ભક્તિમાં ધીર

મહા તાજ વગરના રાજા

મહાત્માજી જીવજો ઝાઝા

જે આજે ગુલામી દોર તોડવા જેલે વસે રણધીર

જેલ બંધનને પરીહરવા

કહે ગાંધી ખાદી વાપરવા

પછી થશે અભય તું સરસ સમયને સાધીને શૂરવીર

ડગમગ સત્તા ડગમગશે

જયાં આત્મબળ સંચરશે

ટળશે અરીને વરશે વિજયની માળ ગરજશે હીંદ

ગરબો.

આવો આવો અસકારી બેનડી, માત ભારતીને આંગણે સાહેલડી

ઉગે ભારતી પ્રભાત પ્રીય બેનડી, ઉષા સોહે સ્વરાજયની સાહેલડી

દુઃખ દેખી નીજ માતનાં દ્રવે હૃદય પાષાણ

જુલ્મ અનિતિ ટાળવા બન્યા ગાંધી સરદાર

હીંદુ ઈસ્લામ શાંત સાથીઆરે

શોકત મહમદ યુદ્ધ ગોઠીઆરે

રણ આંગણે ઉભાં અમે બેનડી તજી તરવાર તીરને સાહેલડી

સજ્યાં શસ્ત્ર અમે શાંતીનાં બેનડી આત્મ બળને યોગે
ઓ સાહેલડી
ચક્ર સુદર્શન જ્યાં ફરે જ્યાં કૃષ્ણ ગાંધી સરદાર
સત્તા બળ ત્યાં શું કરે રેહ તોપ ગોળા તલવાર
સુતરને તાંતણે સ્વરાજ્ય બેન આવશે
સહુ ખાદી પહેરો દીન દશા દૂર ભાગશે
જતાં જેલે જે દેશભક્ત બેનડી અર્પો વિજય સૂત્ર માળ
ઓ સાહેલડી.
તેનાં પંથે પળોને સહુ બેનડી કાંતો રેંટીઓ હા રેંટીઓ
સ્વરાજ્ય કેમ મળશે ઓ સાહેલડી.

(લાગી લગન મને એ રાહ)

માગ્યે સ્વરાજ્ય નહિ મળશે હો જનુની જાયા માગ્યે
સ્વરાજ નહિં મળશે–ટેક.
નહિ જાગો તો જરૂર જુલમ કરશે હો જનુની જાયા
માગ્યે સ્વરાજ્ય નહિ.
મોટી મીંટીંગો ભરીશું કીધું, કાર્ય કર્યો વીણ કદી
રૂળ દીઠું
કર્મ કરે તો સહુ મળશે, હો જનુની જાયા

શેર.

રે ઝુંપડીમાં જાનેર શેર કુરબાન ભૂખે થાય છે.
રે ઝૂંટડી સમનાર નર ભીખ લાગતા ભચકાય છે
મહેનત કરે હાલ તણી પણ એકના પોષાય છે
રે રે દશાએ દેશની જોઈ હૃદય સળગી જાય છે
જો જો લુટારો લૂંટ કરશે, હો જનુની.
કૃષ્ણ ગાંધીની શીખ ઉર ધરજે.
ચક્ર રેંટીઓ સુદર્શન ફરશે
તો આશ અંતરની ફળશે..........હો જનુની જાયા.
પંજાબના ઇન્સાફમાં રે અરી હાય કત્લો શું કરી
પેટે ચલાવી ચોટ ચાબુક મારતા જુલ્મી અરી
એ બંધુ ખાતર પ્રાણ પાથરજે
ચરખો ચલાવી ખાદી ઉર ધરજે.
તો જડમૂલ જુલ્મ સહુ ટળશે.........હો...........
બહુ બહુ કહ્યું બહુ સાંભળ્યું બસ હૃદયા આ સળગી રહ્યું
અન્યાયને જૂલ્મો સૂણી આંખો જીગર આ રડતું થયું
એ જીગર આંસુને લોવા
જો ચહે હીંદની શેવા
તો ઝુકાવો સ્વરાજ્ય ઝટ મળશે. હો..............
મોહનમાળ આલે કંઠ ધારી
રણમાં પડો હવે સ્વદેશ પુકારી

ચઢાતો ડુંગર ડગમગશે હો જનુનીઆ..........
કેમ કહો શું કરશો
(જે ગાથનમાં હરી)
ન્યાય નિતિ નિર્મળ નહિ જયાં છે કહો સુધારો શું કરશો
સત્તા બળ જયાં સચોટ ચાલે સત્યનાદ ત્યાં કેમ કરશો
(જુવો અમે આમ કરશું)
ન્યાય સુધારો સારો કરવા મહત્માજીના પથે જાશું
અસહકારને આંગણે રહીને સ્વરાજયને લાયક થઈશું
(કેમ કહો શું કરશો)
દેશ દશા દુર્બળ છે તો દેસભકત કેવા બનશો
સ્વાર્થ તજી દઈ સત્યની ખાતર ધ્યાન તમે કેવું ધરશો
(જુવો અમે આમ કરશું)
દેશ દશા દુર્બળ પરીહરવા રેંટ કાંતી ખાદી વણશું
સ્વાર્થ તજી દઈ સત્તા સામે નિડર સત્ય સમજાવીશું
(કહો તમે શું કરશો)
ગુલામીથી મુકત થવાને યુક્ત ઉપાયો શું લેશો
દેશ ગરીબી દુર કરવાને કહો દેશીઓ શું કરશો
(જુઓ અમે આમ કરશું)
દેશ લક્ષ્મીને જાળવવા વેપાર વિદેશી બંધ કરશું
સ્વરાજય ધ્યેયમાં શુદ્ધ ખાદી હસ્તે વણી અંગે ધરશું

મહાત્માજીનો મંત્ર સ્વદેશી સુતર તાંતણે સ્વરાજ લઈશું
શાંતી સંપે સઘળા ચાલી અહિંસાત્મક સહુ થઈશું

બે સખીની સમજુતી.

દેશભક્ત બેની પુછે છે કેવો પતી તમે વરશો
બોજી બનેલી સુખની ભોગી કહે બેની સાંભળશો

સાખી.

નોલેજ જેને છે બહુ ભણી ઇંગ્રીશ પ્રોફેસર થયા
લઈ ચાંદને ઇલકાબ સહુ ફેશન મહીં રંગાયલા
જેનું માન પડે સરકારે, પુસ્તાણુંને ઘરબારે
મળે મોજ શોખ પુર બહારે, તે પતિ પરણુંવો મારે
મોટરમાં જે ફરતા રે જેરે લોક સલામો ભારે
પડે રોફ લોકમાં જ્યારે તે પતિ ચહે મન ત્યારે
પણ કહો પરણશો પતિ સતી તમે સાર ગ્રહીને કેવો
નાથ મળે મન ગમતો સખી તો સંસાર લાવો ક્યમ લેવો;

સાખી.

નિર્મળ મનને સદગુણી પુરશાંતીના ભંડાર
જનની જાયા વીરધીરા દેશતણા ઉદ્ધાર
જનીનુ દૂધ જે પીને કરે ઉજવળ દેશ ભૂમીને
હરે દેશી તણાં દુઃખડાંને, તે પતિમળે મનમાને
દેશ કાજ પ્રાણ પાથરતા, તે પતિ મનેમન ગમતા

સાખી.

દેશ ભકત બેની તમે પણ દુઃખ ભમાય દેખાય

મોજ શોખ માટે જીવન કહો દુઃખમાં દિન કેમ જાય
ભૂલ તમારી બેનડી દુઃખ પછી સુખ જાય
મોજ શોખમાં મહાપાપ છે નેર્ક નક્કી લઈ જાય
જુવો શાસ્ત્ર પુરાણો કથતાં દ્રુપદી પાંડવને વરતાં
વેઠી વિપદ વનરણ ફરતાં, પણ દેશ પ્રેમમાં મરતાં

સાખી.

સત્ય વાણી બેની વદાં શીખ ઉરમાં ધરીઆજ
પણ કહો પતિ કેવા પરણશું દેશ ભકિતને કાજ
ચક્ર રેંટીઓ જે ઘર ફરતો હસ્તે વણી ખાદી ને ધરતો
આ દેશ ખાતર પ્રાણુ પાથરતો તે ભવ તારી તરતો.

સ્વરાજ અમે સેજે લઇશું

૧ દેશ ભકિતમાં દાસ બનીને રણુ આંગણુ ઉભા રહીશું
જેલ જાત્રાને મન અરપતાં, સ્વરાજ અમે સ્હેજે લઈશું
૨ અસહકારને આશ્રય રહીને, સુખ દુઃખને સરખાં ધણુશું
માતાને ચરણે મરનાં બસ, સ્વરાજ અમે સ્હેજે લઇશું
૩ ગુલામીના દોર તોડવા, જેલ મ્હેલ માનીશું
રેંટ ચક્રથી રસ્તો કાપી, સ્વરાજ અમે સ્હેજે લઇશું
૪ ખાદી વાદી સઘળા થઈને, દેશ ભકત સાચા થઇશું
ભયની ભીંતો તોડીને, સ્વરાજ અમે સ્હેજે લઇશું
૫ હીંદુ મુસલમાન સંપે રહીને, દેશ દશાને દૂર કરશું

ચેતી જઇને સંપે લીધી સ્વરાજ અમે સ્હેજે લઈશું
૬ વીલાયતીને દૂર કરીને દેશી થઈ દેશી થઈશું
આપે મુકી ઈંગ્લીશ શીખશુ, સ્વરાજ અમે સ્હેજે
લઈશું
૭ ટાઈટલ ટાયલું તજી દઇને, માનચાંદથી ચેતીશું
સ્વાશ્રય આશ્રય આધિન રહીને, સ્વરાજ અમે
સ્હેજે લઈશું
૮ મહાત્મા ગાંધી સરદાર અમારા શૌકતની સાથે
રહીશું
દેશ ભકતને માન દઇને, સ્વરાજ અમો સ્હેજે લઇશું
૯ સત્તા બળથી જરા ન ડરતાં પડે પડે છોને
સહીશું
બસ ધૂન હૃદયમા લાગી, સ્વરાજ અમે સ્હેજે
લઇશું
૧૦ હિંદ માતનો કરશું ઉદય, સ્વરાજ ધ્વજ ફરકાવીશું
બસ અસહકારી સહુ આવો, સ્વરાજ અમે સ્હેજે
લઇશું

મનહર છોટાલાલ ગોર કહલાલી.

૮૮૩૪

-સ્વદેશી સૂતનો ગરબો-

(રાગ—રઘુપતિ રામ રૃદેમાં રહેજોરે)

ગુણીયલ મ્હારી બેન અસહકારી બનજોરે
તમે સાચો સત્યાગ્રહ કરજો. ગુણીયલ.
આખા દેશની જેમાં આબાદી રે
પહેરો ખંતથી સરવે એ ખાદી રે
ત્યારે કહેવાશો સ્વરાજ વાદી. ગુણીયલ

પારદરશક પરદેશી સાડી રે
પહેરે કાયા તો દીસે ઉઘાડી રે
એવી ફેશન નાંખજો કહાડી ગુણીયલ.
બંગડી પોલકાં ને ફેન્સી ફરાગો રે
બહેનો સરવે એ સત્વર ત્યાગો રે
સાચી ભારતની તનયાઓ જાગો. ગુણીયલ.
અતી લાડથી જેને ઉછેર્યાં રે
જેણે રામ તણાં મન હેર્યાં રે
એવાં સીતાએ વનકુળ પહેર્યાં. ગુણીયલ.
દેશ ભક્તમાં નામના જેની રે
કીરતી જગમાં ગવાશેજ તેની રે
એવાં ધન્ય સરોજની બહેની. ગુણીયલ.
દશા દેશની દીલમાં આણી રે

મુકયાં સ્દેશી વસ્ત્રોનાં પાણી રે
એવાં સરલાદેવી ચોધરાણી. ગુણીયલ.
એની અનસુયાના જોઈ કામો રે
લીધો ભારતી માયે વીસામો રે
પ્રસન્ન થઈ કહ્યું સ્વરાજ્ય પામો. ગુણીયલ.
જેનાં માત પીતા હશે એક રે
વળી કુળમાં હશે જે વીવેક રે
તે તો રાખશે સાચો આ ટેક ગુણીયલ.
કુળવંતીને ઝાઝું શું કહીએ રે
હવે આટલેથી છાનાં રહીએ રે
જરા સમજે તેને સીખ દઈએ. ગુણીયલ.
બેનો મોટી તમારી આ ખામી રે
જોઈ ભારતી લજજા પામી રે
કવી રાવ કહે શીર નાંમી. ગુણીયલ.

—કેસનબાઈનો રાજીઓ.—

(રાગ મરસીઓ.)

હાય હાયરે બહેનો કહું તે સાંભળો, એ ટેક
મલ મલો પેહલડાં પહેરી, થયો માલ વિદેશી વેરી,
જાણુ થતાં હવે ખુબ ઠેરીરે. હાય હાયરે.
વિદેશી બંગડીઓ આવી, દેશ નાંખ્યો બધો આ તાવી,

ભુંડી ભુલ હવે શી ખાવીરે, હાય હાયરે.
સપાટે ઝપાટા દીધા, ભીખ માગતા હિંદને કીધા.
દોરી લોટા તમે હાથ લીધારે. હાય હાયરે.
હોળી થઇ ચોળીથી જાણી, ધર્મ ઉપર ફેરવ્યું પાણી,
ધોળે દીએ લક્ષ્મી તાણીરે. હાય હાયરે.
સુંદર વેણી ફેશને માંડી ઘેલી ગુજરાત આ છેક રાંડી.
બીડી ફુંકવા હાથ રહી કાંડીરે હાય હાયરે.
વિદેશી માલે ડંક દીધો, ભીખ માગતો આ દેશ કીધો,
ભુખે રસ્તો મસાણનો સીધોરે. હાય હાયરે.
આવ્યાં વસ્ત્ર ઝીણાં જેમ જાળી, પવન ખાવા મુકે જેમ બારી,
નગ્ન જેવાં એમ લાજ બાળીરે. હાય હાયરે.
તમે ગાંઠે સાડીઓ પહેરી, રંગલાલ ગુલાબી ઘેરી,
વધ્યા જારી હતા જે લ્હેરીરે. હાય હાયરે.
જેને દેખી રાજાઓ ધ્રુજે સતીમાની મોટાઓ પુજે
એ દશા માઠી બહુ ખુંચેરે હાય હાયરે.
સિદ્ધરાજ, જેસીંગ વીરજેવા, દુર હઠયા શોણકશી કેવા,
હવે રહ્યા બંગડીના હેવારે. હાય હાયરે.
પર પૂરૂષને કર શુભ દેવો, એ બંગડીનો લ્હાવ લેવો,
એથી બળ્યો જન્મ આ એવોરે. હાય હાયરે.
બ્હેનો ચૌટે ચકલે ચાલી, શીલ જતાં દશા આ ખાલી,
વિદેશી બંગડીઓ ઘાલી રે. હાય હાયરે.
વાડીલાલ તણી શીખ માની, બની જાઓ બ્હેનો શાણી,
હિન્દને ફેશનથી છે હાણી રે. હાય હાયરે.

કંઈ દાઝ ભારતની આણીરે સુરતના સેલાણી
તમે મોજશોખ મનમાનીરે સુરતના સેલાણી—ટેક.
સુરત નામ સોહાગી પણ કંઈ ખટ સુરતનાં કામ
સુરત સલુણી પ્યારી રૂડી, પણ નાક નગુણુ નકામ—
સેલાણી
વિદ્યા વિહીત ઘણા જન ગુણીવલ, પણ ભાષા ભૂત સમાન
માહીકરી સુણતાં સહુ બોલે, જે સુણી શકે નહિ કાન—
સેલાણી
વિનય વિનાની ભાષા બોલે, મદીરા તાડી મસ્તાન,
ભોગ ભોગવવા ખાનપાનમાં રોગતણા નિધાન—
સેલાણી
વિર્ય હીણુ વસે વધુ પુરુષો કામીની કામ તમામ
સ્વાર્થ વિષયની ચાલે સાધના નિર્લજ નફ્ટ નકામ—
સેલાણી
ખોટા ખર્ચમાં કરે ખરાબી હાડ મહી લીણુ દામ
ભપકે ભારે બજારે મ્હાલે અંદર પોળ તમામ—
સેલાણી
સદગુણીતે ગુણહીણુ બનતા બને કામીની મ્હામ
કલંક લાગે વગર વાંકનું, કેમ સહી શકે ઘનશામ—
સેલાણી
અલબેલી બની ચાલી નીકળી મોટા મંદીરનું નામ
દર્શન મન પ્રિયજનનાં કરવા ધરે ભક્તિ બદનામ—
સેલાણી
ફેશનમાં પુર ફુલી હસીને ચાલે ચોક બજાર
છળે છટકેલા છળ ફેલથી ફના કરે ઘરબાર—
સેલાણી

વૃથા વાતોમાં હિંમત રાખે બાળમાં બેઠી સમાન
કચ્છ વાળી ફરે કંઈક કામીની યોદ્ધા સમ અભિમાન—સેલાણી
ટળે તાપ સહુ તાડી પીતાં દરરોજ તાડી મેમાન
સારા દીવસની સહુ કમાણી પીઠે જમા નુકશાન—સેલાણી
કારીગરી કરે બહુ કારીગર જરી રેશમની જાણ
રોજ કમાયે પીઠે જાએ આખર તાણમતાણ—સેલાણી
હજાર રૂપીએ ઘોડાગાડી દશ હજાર જો દામ
મોટર વસાવે મુખ મલકાવી એક પચીસની હામ—સેલાણી
વિષય ભયંકર નિરધન મારે ગુણીકા કરતી ગાન
દામ દઈને ડાહ્યો દીવાનો ગાન મહી ગુલતાન—સેલાણી

ઝુકાવી શીસ્ને સાટે લડયા એ તાજને માટે
છતાં ના દાદ કંઈ દેતે—કહો ત્યાં દોશ કોનો છે—
લડયા વીદેશીઓ સાથે બ્રીટનના વાવટા કાજે
છતાં લાયક નથી ભાખે કહો ત્યાં દોશ કોનો છે—
થઈને રાંક કરગરતાં અમે માગ્યું અમારૂં તો,
છતાં દઈશું કહી દમતા કહો ત્યાં દોશ કોનો છે—
ખિલાફત ધર્મ ખાતર જે મુસલમીનને હૃદય ભીતર,
લગાવ્યું હાયરે ખંજર-કહો ત્યાં દોશ કોનો છે—
લીખીત એ લેખ રાણીના ન બંધન હોય ધર્મમાં,
છતાં છે છેક અવગણુના-કહો ત્યાં દોશ કોનો છે—

અમે ચેતી અમારૂં શું હવે થોપી અમે લઇશું,
છતાં તમને ગમે તે ના—કહો ત્યાં દોશ કોનો છે—
અમે હસ્તે વણી ખાદી પહેરી સ્વેતને સાદી.
તુટે વેપાર વિદેશી કહો ત્યાં દોશ કોનો છે—
કરે શિક્ષણ નમાલા લાજે અમે તેને તજી દઇએ,
છત તમને રૂચે ના તે-કહો ત્યાં દોશ કોનો છે—
વિદેશી માલને છોડો વિદેશી બંધનો તોડો,
પહેલેથી જણાવ્યું તો—કહો ત્યાં દોશ કોનો છે—
છતાં રે શૌકતઅલ્લી સહુ બીજા નેતા કર્યાં બંધન,
કરવા સ્વરાજ્યનું ખંડન કહો ત્યાં દોશ કોનો છે—
ઠગાવી હાખલા દેવા અમોને ભીરૂ ગણી લેવા,
ચલાવો આ અદાલત પણ—કહો ત્યાં દોશ કોનો છે—
હવે અપમાનથી મરવું ગુલામીથી જવું જે'લે,
અમે પ્યારૂં ગણ્યું છે તો—કહો ત્યાં દોશ કોનો છે—
અરે પંજાબના ન્યાયે કતલ કંઇ જાનની કીધી
છતાં હીંદ રહે સાંખી—કહો ત્યાં દોશ કોનો છે—
અમે ખાદી પહેરી તો તમે તે ફાડી તોડો છો
ડબાવો દેશનો હુન્નર—કહો ત્યાં દોશ કોનો છે—
તમારા સ્વાર્થની ખાતર કરો આ હીંદને ઘાયલ,
ભલે હીંદી ભૂખે મરવા—કહો ત્યાં દોશ કોનો છે—

☞ જંગલની જડીબુટ્ટી ☜

વિંછુનો કટ્ટો દુશ્મન.

વિંછુ દાદર ખરજવા માટે અકસીર ઈલાજ.

બાબુની ગોટી ૧ની કીં. ૦–૬–૦ બોકસ ૧ નં. ૩ની

કીં. ૧–૦–૦ પોસ્ટેજ માફ.

આર. એચ. શાહ મહેમદાવાદ

વધુ વિગત માટે નીચે લખો.

—બરોડની રામબાણ દવા.—

મંગાવો કીં. ૧૦–૦ ૦ [વધુ માટે નીચે લખો.

લખિડાચોક કબુતરખાના પાસે મોહનલાલ છોટાલાલ.

—અમારે ત્યાં મળતી ચોપડીઓ.—

હિંદનો ઉદય અને દર્પણ ...	કીં.	૦–૪–૦
નૂતન વચ્ચાશીનંદન...	,,	૦–૧–૦
ડાકણી ડેરી	,,	૦ ૨–૦

બકુલ બુલ નામે રસિક કવિતામય નોવેલ છપાય છે જેની કીંમત આગળથી ગ્રાહક થનારને –૮–, પાઈ છે. આજેજ ગ્રાહક થાઓ એ. માસમાં [illegible] માસ પછી કીંમત ૦–, ૦ પાઈ પડશે.

[illegible] સ્થી બહુર પેજ ૨૦૦ પુરાં સુંદર ચિત્રો સાથે [illegible] નામનું નોવેલ [illegible] બહાર પડશે. કીંમત ૧–૨ ૦ પાઈ. આગળથી ગ્રાહક થનારને પોસ્ટેજ માફ.